**-:: આંક-૧૭ ની અરજી નીચે હુકમ ::-**

ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા રજુ થયેલ આંક-૧૭ ની અરજી વંચાણે લીધી. અરજી સંબંધે વિધ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યાં તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

અરજી સંબંધે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા અરજી તથા દલીલ કરી જણાવવામાં આવેલ છે કે, સદરહું ગુનાના કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા જે તે સમયે કબજે કરેલ સી.ડી.ની ડેસ વેલ્યુ કઢાવવાની કાર્યવાહી કરવાની રહી ગયેલ હોય તેની ડેસ વેલ્યુ કઢાવી તથા તે સી.ડી.ને એફ.એસ.એલ.માં ચકાસણી કરાવવી જરુરી હોય તેને એફ.એસ.એલ.માં મોકલવા માટે સી.આર.પી.સી.કલમ-૧૭૩ (૮) અન્વયે સદર ગુનાના કામે વધું તપાસના આદેશ કરવા અરજ અને દલીલો કરેલ છે. વધુમાં સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતનો વિનુભાઈ હરીભાઈ માલવીયા વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ ગજરાત અને બીજાઓનો ચુકાદો રજુ કરી જણાવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતે સદરહું ચુકાદામાં જણાવેલ છે કે, મેજીસ્ટ્રેટને ચાર્જશીટ થયા બાદ પણ કોઈપણ તબકકે ૧૭૩ (૮) મુજબ વધું તપાસ કરાવવાની સત્તા છે અને તે તે મુજબ તપાસ કરનાર અધિકારીને હુકમ કરી શકે છે અને વધુમાં જણાવે છે કે, ''Section (6) of Section 173 of the Code. There is no occasion for the Court to interpret Section 173 (8) of he Code restrictively. After filing of the final report, the learned Magistrate can also take cognizance on the basis of the material placed on record by the investigating agency and it is permissible for him to direct further investigating. Conduct of proper and fair investigation is the hallmark of any criminal investigation. '' આમ, હાલની અરજી મંજુર કરવા જણાવેલ છે.

આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, મુળ ફરીયાદીએ આજદિન સુધી આવી કોઈ અરજી કરેલ નથી. હાલની અરજી એ એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને એ પણ ચાર્જશીટ થયાના બે વર્ષ બાદ

અરજી કરી સી.ડી.ની ડેસ વેલ્યુ કઢાવવા અને એફ.એસ.એલ.માં મોકલવાનું જણાવેલ છે તે સી.ડી. ચાર્જશીટ થતા સુધી કે આજ દિવસ સુધી પણ તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા કબજે કરવામાં આવેલ હોય કે કોર્ટમાં રજુ કરેલ હોય તેવું બનેલ નથી. સદરહું ગુનાના કામે તપાસ કરનાર અધિકારી દ્વારા રજુ થયેલ મુદ્દામાલ પાવતી નં.૨૨/૧૫, ૨૪/૧૫ અને ૨૭/૧૫ ધ્યાને લેતા કોઈપણ જગ્યાએ મુદ્દામાલ સી.ડી. રીકવર કરી હોવાનું જણાય આવતું નથી. જેથી પણ માત્ર પુરાવાની ખામી દુર કરવા હાલની અરજી મંજુર કરી શકાય તેમ નથી તેમ જણાવી આરોપી તરફે પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના વિવિધ નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજુ કરેલ છે.

૧. 2014 (3) G.L.H. 305, (S.C.), Anvar P.V. V/s. P.K.Basheer and Others.

૨. LAWS (MAD) 2017 11 395 (High Court of Madras), Shri Rabindra Kumar Bhalotia In Cri.R.C. 808 of 2015 And ors V/s. State.

૩. LAWS (BOM) 2004 10 45 (High Court of Bombay). CENTRAL BUREAU OF INVESTIGATION, NEW DELHI V/s. ABDUL KARIM LADSAB TELGI.

૪. LAWS (SC) 2016 7 58, Sudhir Chaudhary Etc. V/s. STATE (NCT OF DELHI).

૫. LAWS (KER) 2001 11 88 (HIGH COURT OF KERALA), K.N. NATARAJAN V/s. SASIDHARAN.

જે ચુકાદાઓ રજુ કરી આ તબકકે વિધ્વાન એ.પી.પી.શ્રીની આંક–૧૭ ની અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

આમ, ઉપરોકત તમામ રજુઆત તથા રેકર્ડ વંચાણે લીધા. બંને પક્ષની મૌખિક દલીલો ધ્યાને લેતા અને રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લેવામાં આવે તો વિ.એ.પી.પી.શ્રી દ્વારા અરજી કરી જે સી.ડી.ની ડેસ વેલ્યુ અને એફ.એસ.એલ.માં મોકલવાની હકિકત જણાવેલ છે તેવી કોઈ સી.ડી. કોર્ટના રેકર્ડમાં આજ દિવસ સુધી

રજુ થયેલ હોવાનું જણાય આવતું નથી કે તપાસ કરનાર અધિકારી ધ્વારા પણ મુદ્દામાલ પાવતીમાં તેવી કોઈ સી.ડી.ની ઉલ્લેખ થયેલ હોવાનું જણાતું નથી. વધુમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા તા.૩૦/૦૯/૧૫ ના રોજ ગુનાના કામે ચાર્જશીટ કરવામાં આવેલ છે. જયારે હાલની આંક–૧૭ ની અરજી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તા.૨/૧/૧૭ ના રોજ કરવામાં આવેલ છે. જેમાં મુળ ફરીયાદીની કોઈ રજુઆત હોવાનું જણાય આવતું નથી. વધુમાં વિ.એ.પી.પી.શ્રી ધ્વારા દલીલમાં રજુ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વિનુભાઈ હરીભાઈ માલવીયાનો વંચાણે લેતા તેમાં મેજીસ્ટ્રેટને સી.આર.પી.સી.કલમ–૧૭૩ (૮) અન્વયે વધું તપાસનો હુકમ કરવાની સત્તા હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ, સાથો સાથ આવો હુકમ કોઈપણ તબકકે મેજીસ્ટ્રેટ ત્યારે કરી શકે કે જયારે કોઈ મહત્વની હકિકત રેકર્ડ ઉપર તપાસ દરમ્યાન લાવવી જરુરી બને અને કોઈ એવી નવી હકિકત ઉપસ્થિત થયેલ હોય. પરંતુ, સદરહું ગુનાના કામે મુળ ગુનો જ એક એવા મોબાઈલ રેકોર્ડીંગ ધ્વારા બનવા પામેલ છે અને જેની સી.ડી. બનાવેલ હોવાનું જણાવવામાં આવેલ છે તેવી મુળથી જ જે સી.ડી.નું અસ્તિત્વ હોવાનું માનવામાં આવે છે તે સી.ડી. જ તપાસ કરનાર અધિકારી ધ્વારા શરુઆતથી કબજે કરવામાં આવેલ નથી કે કોર્ટમાં આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી. જેથી આ કોઈ શરતચુકની ભુલ હોવાનું પણ માની શકાય નહી. કારણ કે, મુળ ગુનો છે તે સી.ડી. આધારીત બનેલ છે. આમ, આ તબકકે વિ.એ.પી.પી.શ્રી એ આ કોર્ટમાં તપાસ કરનાર અધિકારીશ્રીનું પ્રતિનિધિત્વ કરે છે માટે જો તેઓ માનતા હોય કે આ કામે વિશેષ તપાસ થવી જરુરી છે તો તેમણે પ્રથમ પોતે જેનું પ્રતિનિધિવ કરે છે તે તપાસ કરનાર અધિકારીને આ અરજીમાં જણાવેલ વિગતોથી વાકેફ કરી કલમ–૧૭૩ (૮) માટે સત્તાનો ઉપયોગ કરવા લેખીતમાં જાણ કરવી જોઈએ. પણ આ તબકકે તપાસ કરનાર અમલદાર તરફથી કોઈ રજુઆતના અભાવે અને તપાસ ચાલું હતી ત્યારે આવી તપાસ કેમ ન કરી તેનો ખુલાસો થતો ન હોય અને ૧૭૩ (૮) ની જોગવાઈ મુજબ નવી કોઈ હકિકત માલુમ પડે તેની વિશેષ તપાસ કરવા માટે છે, તપાસની ખામી દુર કરવા નહી. આમ, ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈ અને હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાતું હોય

નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી આરોપીઓની આંક–૧૭ ની હાલની અરજી ના મંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૦૩ મી, માહે:ડીસેમ્બર, સને:૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૩–૧૨–૨૦૨૦,
સ્થળ:જામજોધપુર.

**(જયશ્રીબેન શાંતીલાલ જાદવ)**
જજ કોડ નં.૧૪૨૪
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામજોધપુર.